ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૮/૨૨–૨૩/3035 તારીખ : 21 SEP 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ચંદ્રકાંત બી જોષી,**
**પ્લોટ નં–૧૯૫૮/એ, માતૃછાયા,**
**સિંધુનગર,**
**ભાવનગર.**

કેસ નં.૨૮/૨૨–૨૩

મો.નં – ૯૪૦૮૧ ૨૨૨૭૩

**વિષય : મોટી રકમનું વિજ બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૭/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૮/૦૭/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૨–૨૩/૨૩૬૭ તા.૨૦/૦૭/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૨–૨૩/૨૬૫૩ તા.૨૪/૦૮/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૬/૦૯/૨૦૨૨ તેમજ તા.૨૦/૦૯/૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **હિલડ્રાઈવ.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૮/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી ચંદ્રકાંત બી જોષી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ રજુઆતની તારીખઃ– તા.૦૬/૦૯/૨૦૨૨ અને તા. ૨૦.૦૯.૨૨. ◈

હાજર રહયા :– (વાદી) હાજર તા. ૨૦.૦૯.૨૨.

પ્રતિવાદી :– **શ્રી** વાય. આર. જાડેજા, કાર્યપાલક **ઈજનેર, શહેર-૨** વિભાગીય **કચેરી,**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચંદ્રકાંત બી જોષી, મું.ભાવનગરની મોટી રકમનું વિજ બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૮/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૨–૨૩/૨૩૬૭ તા.૨૦/૦૭/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૬/૦૯/૨૦૨૨ તેમજ તા.૨૦/૦૯/૨૨ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, તા.૦૬/૦૯/૨૦૨૨ વાદી પોતે ગેરહાજરરહેલ તેમજ તા.૨૦/૦૯/૨૨ વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી **વાય. આર. જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર-૨** વિભાગીય કચેરી તા. ૦૬.૦૯.૨૨ના **રોજ તથા એસ.ટી. ગુજરાતી – ના.ઈ. તા. ૨૦.૦૯.૨૨ના રોજ**, ઉપસ્થિત **રહેલ.**

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ શ્રી ચંદ્રકાંત બી જોષી, ગ્રાહક નં–૩૦૫૦૪/૦૮૨૫૨/૩ થી ઘર વપરાશ હેતુનું વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ સદર વિજ જોડાણ તેઓ સમયસર વિજબિલ ભરપાઈ કરે છે. તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ મીટર રીડર દ્વારા રૂા.૧૯,૫૨૨/– નું વિજ બિલ આપ્યું અને મીટર બદલવાની અરજી કરવા કહેતા, તેઓએ મીટર રીપ્લેસ કરાવેલ. સદર મીટર લેબ પરીક્ષણમાં ખામી યુક્ત આવતાં, આપવામાં આવેલ વિજ બિલ સાચું છે તેમ જણાવેલ. એવરેજ રૂા.૨૦૦૦/– થી રૂા.૩૦૦૦/– બિલ આવતું હોવાથી રૂા.૧૯,૫૨૨/– જે કઈ રીતે શકય છે? સદર બાબતમાં યોગ્ય કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી પેટા વિભાગીય કચેરી, હિલડ્રાઈવ ખાતે વિજ જોડાણ ધરાવે છે. જેની વિગત નીચે મુજબ છે.

- Consumer Name : Chandrakant B Joshi
- Address : Plot No.1958, Sindhunagar, Bhavnagar.
- Consumer No. : 30504/08252/3
- Connection Date : 18.10.1979
- Tariff : RGPU

૨.૨ અરજદારશ્રી દ્વારા તા.૨૫/૪/૨૦૨૨ ના રોજ કરેલ ફાસ્ટ મીટરની ફરીયાદના આધારે પેટા વિભાગીય કચેરી, હિલડ્રાઈવ દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૨ ના રોજ મીટર બદલાવેલ છે. જે જુના મીટરનો સીરીયલ નં.PGST-1982507 છે.

૨.૩ સદર મીટર નું ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને MRI Data લેવામાં આવેલ.

૨.૪ લેબ પરીક્ષણ મુજબ મીટરના MRI Data માં ફકત તારીખ અને સમય ખોટા આવતા હોવાથી મીટર ડીફેકટીવ જાહેર કરવામાં આવેલ છે. મીટરમાં નોધાયેલા રીડીંગ અને વપરાશ બરાબર જ માલૂમ પડે છે.

૨.૫ આમ, ગ્રાહકનું વિજ મીટરમાં ગ્રાહકના વિજ વપરાશ મુજબ જ રેકોર્ડીંગ થયેલ હોય, રકમ જમા મળવાપાત્ર નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી ચંદ્રકાંત બી જોષી, ભાવનગર દ્વારા તેમના ઘર વપરાશ ના વિજ કનેકશન નં–૩૦૫૦૪/૦૮૨૫૨/૩ નું પ્રતિવાદી ની કચેરી દ્વારા એવરેજ રૂા.૨૦૦૦/– થી રૂા.૩૦૦૦/– ના દ્વિમાસીક બિલની સામે માર્ચ–એપ્રિલ–૨૦૨૨ નું રૂા.૧૯,૫૨૨/– ની મોટી રકમનું બિલ મળ્યા અંગેની રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૦૬/૦૯/૨૦૨૨ ની સુનાવણીમાં વાદી ગેરહાજર છે. પ્રતિવાદી દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે. ફોરમ દ્વારાતા. ૨૦.૦૯.૨૨ ના રોજ બીજી સુનાવણીમાં બંને પક્ષ હાજર છે તેમજ પોતાનો પક્ષ રાખેલ છે.

3.3 આજરોજ તા. ૨૦.૦૯.૨૨ ની મુદત દરમ્યાન પ્રતિવાદી દ્વારા તા. ૦૭.૦૯.૨૨ ના રોજ વાદીના સ્થળના ચેકિંગ નો રીપોર્ટ રજુ કરેલ છે. વાદીના તા. ૦૬.૦૪.૨૨ ના રોજ મીટર બદલાયા બાદ ફરીવાર ગ્રાહકની અરજી ને આધારે તા. ૧૫.૦૬.૨૨ ના રોજ મીટર બદલવા માં આવેલ જે સમયગાળાનો વીજ વપરાશ ૫૮૧ યુનિટ આવેલ છે એટલે કે અંદાજે રોજના ૧૦ યુનિટ જેવો એવરેજ વપરાશ જણાય છે. ત્યારબાદ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તા. ૦૭.૦૯.૨૦૨૨ના રોજ વાદીના સ્થળ નું ચેકિંગ કરતા તા. ૧૫.૦૬.૨૨ થી તા. ૦૭.૦૯.૨૨ સુધીના સમયગાળાનો ૮૧૯ યુનિટ નો વપરાશ નોધાયેલ જણાય છે વાદીના હાલ ના લોડ ૧.૪ કી.વો. છે જે અગાઉના રેકોર્ડ મુજબ જ છે. જે સદર તમામ બાબતોને ને ધ્યાને લેતા વાદીને અગાઉ તા. ૧૨.૦૪.૨૨ ના રોજ આપેલ બીલ વપરાશના અનુસંધાને સાથે સુસંગત જણાતું નથી.

બન્ને પક્ષોની લેખિત રજૂઆતો રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો જોતાં, કમીટીને જણાય છે કે, વિવાદીત મીટર વાળું કનેકશને RGPU ટેરીફ હેઠળનું છે. જેની કનેકશન તા.૧૮/૧૦/૧૯૭૯ છે. ફોરમ દ્વારા રજૂ કરેલા દસ્તાવેજો જેવા કે, કન્ઝમ્પશન હિસ્ટ્રી, કોન્ટ્રાકટેડ લોડ, લેબ રીપોર્ટ તેમજ છેલ્લા બીલ મુજબની એવરેજ વગેરે જોતાં,તાર્કીક રીતે ગ્રાહકના આટલો બધો વિજ વપરાશ શકય જણાતો નથી. વધુમાં, વિવાદ વાળું જુનું HPL કંપની નું મીટરની મેન્યુ.ડેટ ઓગષ્ટ–૨૦૧૪ છે. આમ, હાલ તે મીટર પણ ગેરંટી પીરીયડ પૂર્ણ કરી ચૂકયું છે. આમ, આવા સંજોગોમાં વાદીની રજૂઆત તાર્કિક રીતે યોગ્ય જણાય છે.

૩.૪ આથી, હુકમ કરવામાં આવે છે કે, વાદીને તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ રૂા.૧૯,૫૨૨/– નું વિજ બિલ પ્રતિવાદીએ રદ કરવું અને ફોલ્ટી મીટર ગણી એવરેજ બિલ ઈસ્યુ કરવું. આ ચુકાદો ઇસ્યુ કર્યાની તારીખથી દિવસ 30 માં ફરિયાદનો નિકાલ લાવવો.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૦.૦૯.૨૦૨૨.